त्रीवार्षिक चूंटणी.

(સ્થાનીક સ્વરાજ્ય)

ચલીણા વિભાગ નંબર–૧

ભાષણ કરનાર.

મજમુંદાર જેઠાલાલ લાલાજી.

ભીખશતક, રેલરૂદન અને પુત્રોત્સવ વગેરેનો કર્તા.

તથા

નડીઆદ તાલુકા લોકલબોર્ડનો ઇલેકટેડ મેમ્બર.

મહુધા.

નડીઆદ.

"સત્યસાગર" પ્રેસ.

સંવત ૧૯૪૪——અને ૧૯૮૮.

त्रीवार्षिक चुंटणी.

(સ્થાનીક સ્વરાજ્ય)

અલીણા વિભાગ નંબર-૧

ભાષણ કરનાર.

મજમુંદાર જેઠાલાલ લાલાજી.

ભીખશતક, રેલરૂદન અને પુત્રોત્સવ વગેરેનો કર્ત્તા.

તથા

નડીઆદ તાલુકા લોકલબોર્ડનો ઇલેક્ટેડ મેમ્બર.

મહુધા.

નડીઆદ.

"સત્યસાગર" પ્રેસ.

સંવત ૧૯૪૪—સને ૧૮૮૮.

अर्पण पत्रिका

ખાનબાહાદુર.કે.આર.બંમનજીસાહેબએસ્કવાયરસી.એસ.

નડીઆદ તાલુકા લોકલબોર્ડના પ્રેસીડેન્ટ સાહેબ બહાદુર

हरिगीतवृत्त.

વિદ્વાન પ્રેમ પ્રજા વિષે અન્યાય હરતા ન્યાયથી,
અંધેર કાંઈ ન કામમાં પરખો કપટ ઉપાયથી;
છો સત્ય શોધક સદ્દગુણી છે વિનતિ ચિત્તે ધારશો,
લઘુ પોથિ રૈયત સુખ તણી આ સ્નેહથી સ્વિકારશો. ૧
કુળવાન પામ્યા માન છે નવ છાન પામ્યા પાયરી,
ગુણ જોઇ હીંદી હાકમે હાકેમમાં ગણના કરી;
બહુ હામ ચંચળતા ભલી સુસ્તાઇનો તો બારશો?
લઘુ પોથિ રૈયત સુખ તણી આ સ્નેહથી સ્વિકારશો. ૨
બહુ ખંત રાખી કામ ઉપજનું કરોછો આવિને,
સરકાર લાભ જવા ન ઘો કરૂણા પ્રજાપર લાવિને;
નવ ધાલ મેલ નભે કદી કો વ્હાયતો અધિકારશો?
લઘુ પોથિ રૈયત સુખ તણી આ સ્નેહથી સ્વિકારશો. [illegible]
ફરિ જાણુ જીલ્લે આવિને બહુ અર્થ સાર્યા જન તણા,
અધ્યક્ષ સ્થાપ્યા તાલુકે સ્થાનીકમાં પણ નહિં મણા;
બાંધો ન રીપન લોર્ડના વીચારમાં આવ્યો કશો,
લઘુ પોથિ રૈયત સુખ તણી આ સ્નેહથી સ્વિકારશો. ૪
કૂપ [illegible] સુધાર્યા બહૂ કઇ નવિન સ્થાનો છે કર્યાં,
ગામો ફરી ફરિ પૂછિને આ વર્ણવ્યાં દુઃખો હર્યાં;
લખાણાયું આપનું નામ મેમ્બરપર ભરૂસો બહુ વસ્યો,

લઘુ પોથિ રૈયત સુખ તણી આ સ્નેહથી સ્વિકારશો. ૫
છે આપ હાથે તાલુકા પંક્તિ વડી નડીઆદની,
ત્રણ વર્ષમાં ધારી જુઓ નથિ વાત કહેતો વાદની;
ફરિ કદર આપ્યું માન થાયે હાંસ પોતે જ્યાં હશો,
લઘુ પોથિ રૈયત સુખ તણી આ સ્નેહથી સ્વિકારશો. ૬
છો આપ ગ્રાહક ગુણ તણા જન હિત કરવા ચિત્તછે,
છો કામમાં કાબેલને ચાલાક જન પર પ્રીતછે;
એ આદિ ગુણ સારા સહુ તોરે થાન આ શોભાવશો,
લઘુ પોથિ રૈયત સુખ તણી આ સ્નેહથી સ્વિકારશો. ૭
ત્રીવર્ષની આ ચુંટણી નડીઆદ લોકલ બોર્ડની,
ખટ ભાગ પાડ્યા પ્રથમથી પ્હેલી અલીણા નામની;
દિન વીસ ફેબ્રુઆરિના ઈઠયાસિ સંન અઢારસો,
લઘુ પોથિ રૈયત સુખ તણી આ સ્નેહથી સ્વિકારશો. ૮
મત આપનાર મળ્યા બહુ કઈ લોક ગામો ગામના,
તે માંહિ મેં કહિ લોર્ડરીપનની બતાવી નામના;
હિત સારૂ ભાષણ છે કર્યું કદિ વાંચિને સંભારશો,
લઘુ પોથિ રૈયત સુખ તણી આ સ્નેહથી સ્વિકારશો. ૯
અધ્યક્ષ તો મુજ આપ છો મ્હેસુલના હાકેમ છો;
છો યોગ્ય ભાષણ અર્પવા વળિ કાવ્ય કદરી તેમછો;
હું અલ્પ મતિ આપોથિ અર્પુ ભૂલ આપ સુધારશો,
લઘુ પોથિ રૈયત સુખ તણી આ સ્નેહથી સ્વિકારશો. ૧૦

લિ૦ આપનો સેવક

જેઠાલાલ લાલાજી મજમુંદાર.

સુચના.

તારીખ ૨૦ મી માહે ફેબ્રુઆરી સને ૧૮૮૮ ને દિવસે સ્થાનિક સ્વરાજ્યની ત્રીવાર્ષિક ચુંટણીને માટે (મેમ્બર નીમવા) કસ્બે અલીણામાં તેજ વિભાગને માટે મત આપનારાઓ નીમેલાં ગામના ભેગા થયા હતા એ શુભ પ્રસંગે મલીકા માઆઝમા કૈસરેહીંદના તથા અમર નામ રાખનાર માજી વાઈસરાય લોર્ડરીપનના ગુણ વર્ણવતાં તેમજ નામદાર ઇંગ્રેજ સરકારના પ્રતાપી રાજ્યનું સુખ બોલતાં સ્થાનિક સ્વરાજ્યથી થતા ફાયદા તેમ તેની વ્યવસ્થા અને એ સંબંધમાં કેટલુક ભાષણ કીધેલું હતું તે સ્વદેશહિતેચ્છુ જનોને વાંચવાને માટે લઘુ પોથીના આકારમાં પ્રસિદ્ધ કરૂં છું.

અલીણા તા. ૨૦-૨-૮૮ } લિ. પ્રસિદ્ધ કરનાર.

મંગલાર્થે પ્રભુ પ્રાર્થના.

સવૈયા (એકત્રીસા.)

પતિતોદ્ધારક પ્રભુ ભવતારક જગદીશ્વર જગ પાલક આપ,
સૃષ્ટી ઉદ્દભવ લય કર પોતે, સત્ય શુદ્ધ નવ વળગે પાપ;
ક્ષમાવાન છો નિર્મલ ન્યાયી, વ્યાપક સર્વ સ્થલે ન વિકાર,
નિર્બલ ગુર્જરને બલ આપો દુખ કાપો રાખો પ્રભુ પ્યાર. ૧
વિશ્વ નિયંતા વિભૂ વિધાતા વૃત્તિ આપની અતી ઉદાર,
અવળું કરવા કાંઈ ન ઈચ્છો, આપ ભકતની સાચી વ્હાર;
જે ઈચ્છો તે કરો પલકમાં નવ લાગે ધાર્યા ને વાર,
નિર્બલ ગુર્જરને બલ આપો, દુખ કાપો રાખો પ્રભુ પ્યાર. ૨
વખણાયો આ આર્ય દેશમાં, ગુર્જર પર તેથી તોફાન,
કૃષી કારમી સુવર્ણ કાચું, દિધું ઉતારી સહુનું માન;
માન હાલ એ ખોવા બેઠો, ઘણે પ્રકારે ખાધો માર,
નિર્બલ ગુર્જરને બલ આપો, દુખ કાપો રાખો પ્રભુ પ્યાર. ૩
કેળવણીમાં પડયો પછાડે, કલમ તણો કહેતા કાબેલ,
ઉદય અસ્તના વારા ફેરા, દુખી કરે દુખ પાખે સેલ;
જુઓ હવે દીન સામું કહ્યું તો, કરો ઉદયનો નાથ વિચાર,
નિર્બલ ગુર્જરને બલ આપો, દુખ કાપો રાખો પ્રભુ પ્યાર. ૪
મ્હારાણીના સુખદ રાજ્યમાં, સૂખ થવાની લાગે આશ,
એ અવસર પણ આપ કૃપાથી, તિમિર થયું સઘળેથી નાશ;
કૃપા દૃષ્ટિ મિઠિ કરો કૃપાળુ, નથી કોઇ સામું જોનાર,
નિર્બલ ગુર્જરને બલ આપો, દુખ કાપો રાખો પ્રભુ પ્યાર. ૫
પૃથ્વીમાં રસ કસ ના દીઠો, ગયાં સાંભરે સારાં વર્ષ,

કાણુ સાંભળે વિનતી પ્રભુ વિણુ, આપ સાંભળો યાચે હવે;
જેમ સાંભળી રિપન હાકમે, અમર રહ્યો શાણો સરદાર,
નિર્બલ ગુર્જરને બલ આપો, દુખ કાપો રાખો પ્રભુ પ્યાર. ૬
સર્વ હાકમોનાં ચિત ખોલો, મુકો કૃપાનો ત્યાં ભંડાર,
બચાવ ગુર્જરનો બહુ થાતાં, જય જયના પછિ થાય ઉચ્ચાર;
દીનાનાથ શ્રમ નથી આપને, સુખી થાય સહુ નર ને નાર;
નિર્બલ ગુર્જરને બલ આપો, દુખ કાપો રાખો પ્રભુ પ્યાર. ૭
સુધારવા આ આર્ય ભુમીને, પ્રગટ થયો રીપન હાકેમ,
આપ્યો હક રૈયતને સ્થાનિક, આપ કૃપાથી એ થઇ રે'મ;
કરો કૃપાને સુખ અપાવો, ગુર્જરના પાડો પોબાર,
નિર્બલ ગુર્જરને બલ આપો, દુખ કાપો રાખો પ્રભુ પ્યાર. ૮
નથિ ગુણ કથવા વાણી મ્હારી, કરૂં આપને કોટિ પ્રણામ,
કર દૂય જોડીને એ કહુછું, આપો આગળ પડવા હામ;
વિનય વચન જેઠમનું એ છે, શબ્દ કરાવો જયજયકાર,
નિર્બલ ગુર્જરને બલ આપો, દુખ કાપો રાખો પ્રભુ પ્યાર. ૯

મ્હેતામુત્સદ્દીઓ, વ્યાપારીઓ, વતનદારો અને ખાતાદારો !!

ભાઇયો!

આજે આ મંગલ અવસરે આપણે શા કારણુ માટે ભેગા થયા છીએ તે તો સર્વ કોઈના જાણુવામાં આવ્યું હશે. કારણુ કે ત્રીજી સાલ પણુ તમે આ સ્થળે ભેગા મળ્યા હશો અને સર્વ રીત

થી જાણીતા થયા હશો તો પણ વધારે જણાવું છું કે સને૧૮૮૪ ના પેહેલા આક્ટ પ્રમાણે સ્થાનિક સ્વરાજ્યના મેમ્બર મુકરર કરવાનો આજ દિવસ છે અને આ વખત આવ્યો એ આપણું મ્હોટું ભાગ્ય છે; કેમકે આ વાત આપણા સ્વપ્નામાં પણ ન હોતી. સ્થાનિકસ્વરાજ્યના લાભ તો ત્રણ વર્ષના અનુભવથી સર્વે જાણ્યા હશે, અને તે લાભ તમે પસંદ કરેલા તમારા મેમ્બર મારફતે લીધા પણ હશે. આજ પણ હવે પછીનાં ત્રણ વર્ષ સુધીમાં લેવાનો વખત આવ્યો છે અને એ મહા હર્ષને માટે આપણે માજી વાઈસરાય લોર્ડ રીપનના વારંવાર ગુણ ગાતાં આભાર માનવો ઘટે છે. જે સુખની આપણી નિર્બળ પ્રજાને આશા નહોતી તે લોર્ડ રીપનેજ આપ્યું છે અને એ નામદાર જો આપણે સારે ભાગ્યે હીંદુસ્થાનમાં વધારે ટક્યા હોત તો બેશક હીંદની પ્રજાને ઇંગ્લાંડની પ્રજાને જોટે લાવી મુકત; એટલે કે આર્ય પ્રજાને તેવાજ સમાન હક્કો અપાવત પરંતુ કમ ભાગ્યે તે હવે હીંદમાં નથી. કૈસરેહીંદ (મહારાણીજી) ના રાજથી આપણે ઘણાજ સુખમાં છીએ એવું કહેવામાં આવે તે લોર્ડ રીપનથીજ છે; આવા હાકેમો આસીસ્ટંટ કલેકરથી તે હીંદ હાકેમ સુધી આવે અને હોય તો આપણું કેવું ભાગ્ય ? વારૂ તો પણ જેટલું સુખ આપણને આપ્યું છે તેટલુંજ ભોગવી શકીએ તો બસ છે. આપણી હીંદ પ્રજાની કસોટી કરવાને માટે સ્થાનીકસ્વરાજ્યનો લાભ પ્રથમ તો આપ્યો છે અને ધારવામાં આવેછે કે ધીમે ધીમે આપણે સુધરતા જઈશું એટલે કે સારા વિચારના થઈશું, કેળવાઇશું, કલમને ઝાલી શકીશુ અને ટુંકામાં આપણું સુખ સમજી શકીશું તેમ અને ત્યારે વિલાયતની સરકાર આપણને વિશેષ હક્કો આપશે અને આપતી જશે: તો આપણે આ ત્રણ વર્ષમાં શું

શું કર્યુ તેજ પહેલું તપાસી જુઓ. નામદાર ઇલાકાની સરકારે-તેના તાબામાંની જીલ્લાની સરકારે અને તેમાં આવેલા તાલુકાઓએ સ્થાનિકસ્વરાજ્યનો અર્થ બરાબર સમજીને સ્તુતિપાત્ર કામો કરેલાં છે એમાં કાંઈજ શક નથી, તેમાં હવે મ્હોટી વાત પડતી મુકી આપણે આપણા તાલુકાની (નડીઆદની) વાત કરીએ. આપણા નડીઆદ તાલુકાના છ વિભાગ યાને ગ્રુપ કરવામાં આવ્યા છે તેમાં નો મ્હેલા નંબરનો અને વધારે વસ્તીવાળો અલીણા વિભાગ છે. આ વિભાગનાં બધાં ગામોમાં થોડા થોડા પણ કેટલીક હરકતો દૂર થાય એવા રૂપૈઆ લોકલબોર્ડથી ખરચાયલા છે, અને હવે પછી પણ ખરચાશે. આ ઉપરથી જણાય છે કે દરેક વિભાગમાં પણ આવી રીતે પૈસા બરોબર ખરચાતાં લોકોની હરકતો દુર થઈ હશે. હરકતો દુર થવાનું કારણ ખરી તપાસ, પ્રજાનાં દુઃખનું અવલોકન, તેમની સ્થીતિ જાણવી અને એ વગેરેનું કારણ, તેમજ નિયમસર અને નીતિથી કામ ચાલવું એ પ્રેસીડેન્ટ સાહેબની ચાલાકી અને તેમની મહત શકિત ઉપર છે, અને એજ પ્રમાણે વગર વાંધે આ ત્રણ વર્ષમાં સ્થાનિકસ્વરાજ્યનું કામ થયું છે તેથી આપણા જીલ્લા લોકલબોર્ડનાપ્રેસીડેન્ટ સાહેબ તેમજ તાલૂકા બોર્ડના પ્રેસીડેન્ટ સાહેબ આપણને સુખ કર્ત્તા નીવડયા છે એમ કહેવાને જરા પણ વાંધો નથી. જીલ્લા લોકલબોર્ડમાં અને વિશેષે આપણા નડીઆદ તાલુકા લોકલબોર્ડમાં જરા પણ કોઇ પ્રકારનો વાંધો ઉઠયો નથી. પ્રેસીડેન્ટ સાહેબો જે જે થઇ ગયા તેઓ માયાળુ હતા એટલે કે પ્રજાપર અને પ્રજાએ આપેલા મેમ્બરોપર તેઓએ સંપૂર્ણ પ્યાર બતાવ્યો હતો અને બતાવ્યો છે મતલબ કે કામ કરનારાઓને હવે પછી પણ તે દાખલો જોઈને હાંસ થશે. કામ કરનાર મેમ્બરોની

તેમણે સારી રીતે કદર બુજી.છે અને બુજે છે, તેનો સાર એ કે પોતાના વિભાગનુ કામ કરવાને અને પ્રજાને સુખ આપવાને જે જે ઘટતા પ્રયત્નો તે કરે છે તેમાં પોતે બનતી મદદ આપે છે; એસુખ-નું કારણ, આપણે મતામત ન કરતાં તેમજ કોઇના ભરોસા ઉપર કે મ્હોટાઇ ઊપર ભુલાવો ન ખાતાં, અને શરમ કે દાબથી પાછા ન પડતાં વખતસર કામ કરનાર, ભરોંસાદાર, હુંશીઆર, નીરાભિ-માની, શાંન્ત સ્વભાવનો અને ટુંકામાં અનુભવી લાયક ઉંમરનો જે માણસ આપણું ભલુ કરી શકે તેવાને મેમ્બર નીમવા માટે શોધી કહાડવાની આપણે ખરી જરૂર છે. આપણે દરેક જણ છુટા પડીએ અને કામ કરવા ધારીએ તો બની શકે તેમ નથી કારણ તેમાં ઘણા પ્રકારની અડચણો આવી પડે એમ છે તેથી ડાહ્યા હાકેમે એક મત થઈને ઘણા માણસોમાંથી એક માણસ નીમી આપવાનો ઠરાવ કીધેલો છે. આપણે આજ કામના ફાયદાને માટે માત્ર શોધા શોધ કરીએ કે ન કરીએ અને ગમે તેમ ચાલવા દેઇએ અને તેમાં મહત્વ ન સમજીએ એમ નથી, પણ આ સ્થાનિકસ્વરાજ્યની નીસરણીને એક પગથીએ ચઢતાં શીખીશું કે ચઢીશું અને તેમાં લપસી નહીં પડીએ તો, અનુક્રમે સીડીએ ચઢતાં રાજ્ય કાજમાં દાખલ થઇશું અને સમાન હકો મેળવીશું; એ આગળ ઉપરના લાભને માટે અને બળહિન આર્ય દેશને બલીષ્ટ કરવાને માટે યાતો દીપતો કરવાને માટે, આગળ પડી દાખલો બતાવવાને માટે, અથવા અંધકારમાંથી અજવાળામાં જવાને માટે, કે દીશા જોવાને માટે, અને હરવા ફરવાને માટે દીવો લેઈ આગળ જઇએ તેમ કોઈ આ-ગેવાન આપણે મુખત્યાર શોધવાની જરૂર છે કે જેને માટે આજે આપણે ભેગા થયા છીએ આપણે શોધવાનો અને શોધી કહાડવા

પંગી જેનું શોષન થયું છે તેણે તેનો મોતાનો વિચાર દરેક રીતે કરવનો છે, કારણ આપણને ભઈસે ભુલાવી સ્થાનીકસ્વરાજના કામને બાધ લાવતાં પોતે નકામી પટેલાઈ કરવાનું યાનો ખોટી દાનત રાખી હમેશનું બીગાડનાર ધરમાદાના પૈસા તરફ નજર કરવાનું, કામ નથી પણ સ્વદેશ હિતાર્થે તન અને મનને કસીને તથા ધનને પણ કાંઈ ભાગે વાવરીને કામ કરવાનું છે. મતલબી માણસનું કામ નથી તેમ-જ આળસુ અને બેદરકાર રેહેનાર તથા રોગી અને કાયરનું પણ કામ નથી, તો અર્થ એજ કે સ્થાનીકસ્વરાજ્યને દીપાવે અને હીંદ પ્રજાને ભાગ્યે સારો વખત આવશે એવાં સુચીન્હ દેખાડે એવો માણસ આપણો આગેવાન થવો જોઇએ. આપણા નડીઆદ તા-લુકામાં અને બીજા તાલુકામાં તથા પરજીલાના લોકલબોર્ડમાં પણ ચુંટણી વખતે અને તે પહેલાં ઘણા ઉમેદવારો પોતાની વીદ્યા, સ-મજણ કે સ્થીતિ વગેરેનો વિચાર ન કરતાં નકામી મ્હોટાઇ ઓઢી લેવાની હોંસથી ખટપટ કરતા હોય એમ સાંભળવામાં આવ્યું છે. કેટલાએક જંપીને બેસતા નથી. ખાતા નથી, ઘરનું કામ કાજ પણ કરતા નથી અને પોતાનો હસી કાઢવા યોગ્ય ધારેલો અર્થ પાર પાડવા હદથી વધારે પ્રયત્ન કરે છે–ભાઈ! આવું શામાટે કરવું જોઈએ? શું મ્હોટાઈ માગી માગીને લેવાય? ના. તેમ ન મળે. શરમાવ્યે ન મળે. પ્હેલાં બાંધી લેવા ખોટા ઉપાય કરીએ તો ન મળે. હું આમ કરીશ એમ કહી ડરાવ્યાથી પણ ન મળે; અને ટુંકામાં "મા મને મ્હોટો કર" એમ કહ્યે મ્હોટો ન થવાય પણ સર્વ તેવો સમય આવ્યે અને તેવાં કામ કર્યે મળે–ભાઈ! આપણે જ્યારે આવા ઘાટ રચીશું ને દોડા દોડ કરીશું ત્યારે તો પ્હેલે પગ-થીએ ચઢીને જે આશા હેઠ સુવી જવાની છે એટલે કે સમાન પદ

રાજસત્તા ભોગવવાની જે ઇચ્છા રાખીએ છીએ કે રાખીએ તેને ઠેકાણે તો એ પગથીઆનું પણ પાટીયું ખસવાનું જો. જરાક ચંદ્ર દર્શન થયું છે તેમાંજ જ્યારે કુદાકુદ કરવા માંડીશું એટલે કે મેમ્બર સાહેબ થવાને બીજાનું ભુંડુ ઇચ્છી ઈચ્છા પ્રમાણે ઉપાયો કરીશું, અને ઝેરનાં બીજ રોપીશું ત્યારે પછી આગળ ઉપર મ્હોટી આશા તો શાની રાખીશું? ગ્રહસ્થો! સ્થાનીકસ્વરાજ્યને આ કલંક લગાડનારૂ છે. અને તે એટલે સુધી કે જો આપણી આ મુર્ખાઇ અને છોકરમતિ સરકારને અનુક્રમ હાકેમોથી જાહેર થશે તો બેશક કીનારો આવવાની આશા રાખી હંકારાતુ વ્હાણ ભરદરીયામાં ડુબાવીશું કે ફરી તરવાનો સંભવ બીજા જન્મમાં પણ નહીં રહે માટે સ્થાનીકસ્વરાજ્યના ફાયદાનો વિચાર કરી આગળ પાછળની આપણી જે ઘેલાઈ છે તે કહાડી નાંખવી જોઇએ. હીંમત ધરનાર માણસે, ધરાવનારે, પાછળ બરદાવી ઉભા કરનાર માણસે, અને ટુંકામાં આપણા પોતાના સગા સંબંધીએ તે કામ આપણાથી થશે કે નહીં તેનો પુખ્ત વિચાર કરવો જોઇએ અને તે કર્યા પછી કોઈ પણ સારા કામમાં અને સારે દાખલે વખણાઇ સર્વને સુખ કરી શકીએ એવા કામમાં માથુ ઘાલવું જોઈએ. આપણે માત્ર એક ખુરશીએ જઇ બેસવાનેમાટેજ ખટપટથી મેમ્બર થવું એમ નથી પણ હરેક રીતે પ્રજાનું ભલું કરવાનું છે આર્યજનો! આપણી મતલબ લોર્ડ રીપનનો મુળ હેતુ પાર પાડવાની છે કે જેથી આપણે અણધાર્યાં સુખ મેળવી શકીશુ તો તેજ રસ્તે આપણે હીંડો અને આપણા તાલૂકા લોકલબોર્ડ ને હરેક રીતે પેહેલું દીપાવો. આપણે આ હસી કાઢવા જેવી અને ન્હાની સુની વાત સમજતા હઇશું પણ તેમ નથી, અને એમાં આપણી મ્હોટી ભુલછે. વ્યાપાર રોજગાર અને ખેતી એ વગેરેમાં આપણે જેવુ મન ઘાલીએ છીએ અને તેને જેવુ ઉપયોગનું ગણીએ છીએ તેથી આ વધારે છે; કારણ આમાં આપણાં અપાર સુખ ભરેલાં છે. આ સુખ મહાસાગરમાંથી,

ચૌદ રત્ન તો શું પણ જોઈએ એટલાં નીકળશે પણ જ્યારે તેનું મંથન થશે ત્યારે અને તે થયા વિના આપણી આ સ્થિતી કદી પણ બદલાવાની નથી માટે બીજી બધી વાત હાલ બાજુ પર મુકીને આપણે સ્થાનિકસ્વરાજ્યને હાથ કરી લ્યો અને ટુંકામાં એજકે આપણી દશા સુધારવા આપણે આપણા ન્હાનકડા વિભાગને માટે એક આગેવાન મુકરર કરી લ્યો એજ રીતે બીજા વિભાગોમાં થશે, આ ખરે જીલ્લામાં થશે અને એજ રીતે આખા આપણા આર્યદેશમાં થતાં આપણે કાંઇ પણ કરી શકીએ એવા છીએ એમ જાહેર થશે. કેટલાક માણસો વખતે એમ ધારતા હશે કે આપણે કાંઈ કરી શક્યા નથી અથવા આ સ્થાનિક સ્વરાજ્યથી આપણને ઈચ્છેલો લાભ મળ્યો નથી. આપણું (પોત પોતાના ગામનું) લોકલફંડ આપણે માટે જાયછે તેટલું ખરચાયું નથી અને ખરચાતુ નથી તો તે આપણી અસમજણને લીને અનુભવ વિના ભૂલછે, એમ કહેવાને કાંઇ હરકત નથી. કોઇપણ બાબતમાં જીલ્લા લોકલબોર્ડ કે તાલુકા લોકલબોર્ડ ભુલતું નથી, અને તે દોષને પાત્ર નથી. તેનાં દરેક કામો સ્તુતિ પાત્ર જછે. જ્યાં સુધી આપણે લોકલફંડ શું છે અને તે શામાં શામાં ખરચાયછે, આપણને પુરૂ મળી કેમ નથી શકતું, અને નથી મળતું તો એ ભુલછેકે વપરાય છે પણ આપણેજ એમ જાણીએ છીએ, એ સઘળી બાબત આપણે જ્યાં સુધી બારીકાઇથી જોઇ નથી ત્યાં સુધીજ આપણે ફાવે તેમ ભળતું બોલીએ, ગૃહસ્થો! એ લોકલફંડ આપણનેજ મળેછે અને તે બીજું કોઈ પણ માણસ ખાઇ જતું નથી કે તેમાં ઘાલમેલ થતી નથી. જુઓ. નિશાળો નવી નવી સ્થપાયછે તે બાંધવાનું ખર્ચ અને તે ચલાવવાનું ખર્ચ તેમજ હાલ જે તેનું મહેતાજી વગેરેનું પગાર ખર્ચ પણ એજ લોકલફંડ પુરૂં પાડેછે

એટલુંજ નહીં પણ દવાખાનાની દવા અને દાક્તરોનો પગાર તેમાં પણ ઘણે ભાગે લોકલબોર્ડજ મદદ આપેછે વળી બીજાં લોકોપયોગી બાંધ કામ અને પરચુરણ કર્યોમાં પણ એજ લોકલફંડ વપરાયછે તે તો આપણે જોતાજ નથી પણ આપણેતો માત્ર કુવાની કુંડી કરાવવી હોય-હવાડો કરાવવો હોય, રસ્તો પુરાવવો હોય અને ગામમાં એવાં ન્હાનાં ન્હાનાં કામ કરાવવાં હોય તે તરફજ જોઇએ છીએ અને તે જેમ મફતના પૈસા મળતા હોય ને કરાવવાની કેટલીક ગેર ઉપયોગી ઈચ્છા રાખતા હોઇએ તેવી રાખીએ છીએ અને મદદ એટલે ગામ મદદ ન મળવાથી તે કોઇ વખતે ન થાય કે મોડુ થાય તો નામદાર સરકારના ઠરાવનો નાહક અણસમજે દોષ કાઢવા બેશીએ છીએ. આ ધારવું અને બોલવું કેવળ ગેરવ્યાજબી છે. ન્હાની બાબતથી માંડીને મ્હોટી સુધી જ્યાં જ્યાં અને જેજે જોઈએ, તેમાં લોકલફંડનુ નાણુંજ વરેછે માટે એ બાબતમાં જો આપણને વેહેમ રેહેતો હોય કે આપણે ભુલતા હોઇએ, તો તે રાખવું ન જોઇએ. સરકાર પોતે પણ લોકલફંડમાં કેટલેક ઠેકાણે પૈસો આપેછે તેવા દાખલા ઘણા છે, પણ કહેતાં ઘણો વખત જાયતેથી એબાબત ટુંકાવવી દુરસ્ત ધારૂંછું; અને એટલુ કહેવા માગુંછું કે જો આપણે આપણાં પ્રજાહિતનાં કામો કરવાં હોયતો બનતી પૈસાની મદદ અને તે ન થઈ શકે તેવાઓએ તનની મદદ પણ અવશ્ય કરવી જોઈએ. આપણે આ સુખનો વખત ખોવો જોઇતો નથી અને જેમ બને તેમ પ્રજાહિતાર્થે પરોપકારી કામો કરી અને કરાવી સ્થાનિક સ્વરાજ્યને દીપાવવું ઘટેછે. આપણુ કર્તવ્ય આ જીંદગીમાં માત્ર પરોપકારજછે પણ જ્યારે તે ન સમજાય, અને સમજાય તોપણ કસાકસીમાં જ્યારે થાય નહીં કે થવા દેવાય નહીં ત્યારે એ જીંદગી માત્ર હતી નહોતીજ સમજવાની. આપણે સૃષ્ટિકર્તાના ધર્માસન આ-

ગળની ખુરસીની ઈચ્છા વધારે રાખવાની છે અને તે પરોપકારથી અને જન પ્રિય થવાથી જરૂર મળશેજ માટે દ્વેષ, અભિમાન અયોગ્યતા છતાં મ્હોટાઇ લેવાનો ટેક આદી અવગુણોને દુર કરી અને તેને આપણા ખરા શત્રુ ગણીને, આપણે આપણા અહીંના અને પરલોકના અપાર સુખનો વિચાર કરવો એજ જરૂરનું છે; તો ખરૂ કારણ જે લોક પ્રિય કૃત્ય તે કરી લ્યો એટલે બસ. લોકલબોર્ડ એ પણ એજ કૃત્ય છે તો એથી દિન દિન પર વધારે કાબેલ થતા જાઓ અને નામદાર સરકારના હેતુને પાર પાડો. માજી વાઇસરાય લોર્ડરીપનના વારંવાર ગુણ ગાઓ અને મલીકામાઆઝમા કૈસરેહીંદ કે જેના રાજ્યમાં આપણે નીરાંતે ખાઇ પીને ગાન તાન કરી નીદ્રા લેઈએછીએ તેને માટે બોલોકે:—

ગીતી.

જયજયજયજયજય થાઓ, અધિક તપો આ રાજ તણું તેજ;
હિંદ અધિક સુખ પામો, પ્રભુ પાસે માગો આપણ એજ. ૧

ગુર્જરને દીપાવવા અમલદારોને અરજી

(લાવણી.)

" તું કામણુ કરીને ક્યાં જાય નંદલાલ લ્હેરી "—એ રાગ.

તમે સુણો દેશ હિતની આ અરજી મ્હારી,
શ્રમ કરી દિપાવો આ ગુર્જર અધિકારી— ટેક.
નવ ખંડે જેનું નામ થયું વખણાતું,

જે વિનય વિચારે પૂર્ણ ફુળ પંકાતુ;
જે વિવેકમાં ભરપૂર ગુણ સહુ ગાતું,
વળિ સ્નેહ વિષે જે સદા પ્રીતિ રસ પાતું;
બારે રસ કસ ભુમિમાંહી સ્થીતિ બહુ સારી— શ્રમ૦ ૧
આ હતો સર્વમાં શ્રેષ્ટ પંથ આ ન્યારો,
બિગડે છે હાલત હાલ પડે બહુ મારો;
રૈયત થઇ ગઇ છે રાંક જુઓ વીચારો,
કઇ ધંધે રહિ નત્ર કામ સમય નથિ સારો;
કઇ કરો કૃપા તો દુઃખ કપાયે ભારી.— શ્રમ૦ ૨
નથિ પ્રજા ડાંડ નથિ લેશે નિમકહરામી,
નથિ ચુગલખોર કે કુર ન અપયશ પામી;
તમ કૃપા દ્રષ્ટીની ખોટ હોય કંઇ ખામી,
ઝાલે નહિં ડુબતાં કર સુસ્તાઇ જામી;
તમે ખુશી રહો હાકેમ પ્રજાગણિ પ્યારી.— શ્રમ૦ ૩
છે ધન્ય ધન્ય શેપર્ડ[૧] દિપાવા મરજી,
છો થયા કૃષી[૨] અધ્યક્ષ ભાપણે[૩] ગરજી;
નિર્મળ ગુર્જરની સુણી હાંસથી અરજી,
આ દયાળુ નરની જાત હિતેચ્છુ સરજી;
રે જુઓ લેઉઆ[૪] સ્થીતિ કેવિ સુધારી— શ્રમ૦ ૪

---

૧ નામદાર. જી. એફ. શેપર્ડ સાહેબ. (ઉત્તર વિભાગના કમીશનર સાહેબ બહાદુર.) ૨ ખેતીવાડીના ઉપરી છે એટલે કે ખેડા જીલ્લાની ખેતીવાડીનો સુધારો પોતેજ કરનાર છે અને પ્રદર્શન કરી પ્રજાને ઉત્તેજન આપી ઘણી કીર્તી મેળવીછે. ૩ ગુજરાતનું હી·

એ શ્રેષ્ઠ દાખલે કરો નાગના ભાઇ,
સંભારે ગુર્જર નિત્ય ગુણ બહુ ગાઈ;
હરનિશ આશિષ દે પ્રિતિ પાન ઘો પાઇ,
દિન સુખના લાવો નિર્બળ નોકર સ્હાઇ,
આ કરો કામ પરમાર્થ વૃત્તિને ઠારી.— શ્રમ૦ ૫

નવ કરો અમલની કેફ સુખી સહુ ફરશે,
નવ બનો કદી કો ક્રૂર અર્થ અમ સરશે;
જો હશે કુલિન તો અનીતિથી બહુ ડરશે,
જો હશે ગુણી તો ગુર્જર દુખ મન ધરશે;
સમજુ લેશે જેહમ વિનતી સ્વિકારી— શ્રમ૦ ૬

ત ચાહી લોકોને સુધારવા અને સુખી કરવા જાહેરમાં ઘણાંજ ભાષ-ણો પોતે કરે છે. ૪ આખા ગુજરાતના લેઉઆ પાટીદારોની વસ્તી ઘણીજ હોવાથી તેમજ સઘળો ભાગ કેળવાયલો ન હોવાથી એક સંપ થઈ રૂઢીનાં દુઃખ દેનાર બંધનોથી મૂકત થશે એવી શ્વપનામાં પણ આશા નહોતી, તે કૃપાળુ શેપર્ડ સાહેબે ગામવાર ભેગા કરી દુઃખમાંથી તારવા એક સંપ કરાવી ઠરાવ કર્યો અને સરકારમાં કાયદો કરવા તથા થતી હત્યાઓ અટકાવવા યોગ્ય વિચાર્યું. આવી નામના હજી સુધી તો કોઈએ કીધી નથી અને આ સ્તુતીપાત્ર કૃત્યથી પોતે આર્ય દેશમાં અમર થયા.

સમાપ્ત.

प्रजानुं दुःख जाणनार

मायाळु जी. एफ. शेपर्डसाहेबनी

ममता

खेडा जील्ला माटे

निरंतर रहो.